સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited **Grade "A"** by NAAC

પરિપત્ર :–

વિષય :– વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં અભ્યાસક્રમ અન્વયેના વિવિધ પ્રયોગોમાં વપરાતા આલ્કોહોલ અને રસાયણો બાબત.

સંદર્ભ :– ઉ.શિ.ક.ના પત્રાંક : કવટ/આઈએચસી–૬/૨૦૧૬/૪૦૧૦૭–૧૦, તા.૩–૧૧–૨૦૧૬ અન્વયે.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન પ્રવાહની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે,બી.એસસીના અભ્યાસક્રમ અન્વયે યુ.જી.સી ગાઈડલાઈન્સ મુજબ યુનિવર્સિટી દ્વારા બોર્ડ ઓફ સ્ટડીઝમાં એપ્રુવ કરાવીને અમલમાં મુકવાની જોગવાઈ છે અને અમલમાં રહેલ અભ્યાસક્રમો શીખવતી વખતે તેનો અમલ કરવાનું ફરજીયાત બને છે.વિજ્ઞાન પ્રવાહની કોલેજોની પ્રયોગશાળામાં વપરાતા જરૂરી આલ્કોહોલ અને રસાયણોનો ઉપયોગ કરવા માટે સરકારશ્રી હેઠળના અધિકારીઓ પાસેથી જરૂરી લાયસન્સ / મંજુરી લેવાનુ ફરજીયાત હોય છે.જે આપની કોલેજ દ્વારા મેળવેલ છે કે કેમ ? તે લાયસન્સ/મંજુરી વખતો–વખત રીન્યુ કરાવેલ છે કે કેમ ?

ઉપરોકત રસાયણ/આલ્કોહોલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનાં અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવે છે કે કેમ ? આ સમગ્ર વિગતોનો હકીકત લક્ષી અહેવાલ તથા રસાયણો/આલ્કોહોલ વાપરવા માટે આપની કોલેજે લીધેલ મંજુરી/લાયસન્સ(જે વખતો–વખત રીન્યુ થયેલ)તેની ખરીનકલ સાથે અત્રે સત્વરે મોકલી આપવા વિનંતી.

વધુમાં આ સાથે સામેલ રસાયણ/આલ્કોહોલની માહીતી દર્શાવતું પત્રક સામેલ છે જે પત્રકની વિગતો સંપુર્ણ ભરી કોલેજનાં આચાર્યશ્રીના સહી/સીકકા સાથે ઉપરોકત હકીકતલક્ષી અહેવાલ સાથે મોકલી આપવાના રહેશે ત્યારબાદ જ કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણ–ગાંધીનગરને માહીતી નિયત સમય મર્યાદામાં પુરી પાડી શકાય જેની નોંધ લેશો.

કુલસચિવ

બિડાણ : પત્રકનો નમુનો.
નં.જોડાણ / ૨ / ૨૪૦ / ૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
તા. ૭ – ૧૨ – ૨૦૧૬

પ્રતિ,

– સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે વિજ્ઞાન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ........
(યોગ્ય કાર્યવાહી અર્થે)

નકલ રવાના :–

૧. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ....
૨. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ..)

## રાજ્યની વિજ્ઞાન પ્રવાહની કોલેજોમાં અભ્યાસક્રમ અન્વયેના વિવિધ પ્રયોગોમાં વપરાતા આલ્કોહોલ અને અન્ય રસાયણો બાબતની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | કોલેજનું નામ | સરકારી/ ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાયનાન્સ | જીલ્લાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા | આલ્કોહોલનું લાયસન્સ નંબર અને તારીખ | આલ્કોહોલનો વાર્ષિક વપરાશ | સ્પીરીટ,એસીડનો વાર્ષિક વપરાશ | આલ્કોહોલ નારકોટિક એક્ટહેઠળ વાપરવામાં આવતા રસાયણોની યાદી | વાર્ષિક વપરાશ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |